BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સવાયા ગુજરાતીની હિમાલયની યાત્રા

**અઝીઝ ઇબ્રાહીમ છરેચા**

**પીએચ. ડી સંશોધનાર્થી**

**અંજાર - કચ્છ**

ઇમેઇલ: azizchhrecha@gmail.com

કાકાસાહેબ કાલેલકર બહુશ્રુત વિદ્વાન, હાડે શિક્ષક, ચિંતનશીલ અને વિનોદની પ્રકૃતિના અઠંગ પ્રવાસી તેમનું બહુમુખી વ્યક્તિત્વ ઝીલાયું છે 'હિમાલયનો પ્રવાસ'માં. જગતને જોવાની ઉત્કંઠા, જિજ્ઞાસા અને વિસ્મયને વણીને કરેલો લગભગ ૨૫૦૦ માઈલનો હિમાલયનો પ્રવાસ આપણા પ્રવાસ સાહિત્યના પુસ્તકોમાં જનસામાન્યને ગમી જાય તેવું છે.

ભારતીય સંસ્કૃતિની ઓળખ અને એની સાથે વણાયેલી ઘણી બધી વાતો કાકાસાહેબે અહીં વ્યક્ત કરી છે. પ્રાચીન અને અર્વાચીન બંનેનો સમન્વય સાધી શકે તેવા ગાંધીયુગનાં સમર્થ સાહિત્યસર્જકોમાનાં એક, તેમણે આદર્શવાદી સાહિત્યની જગ્યાએ પ્રવાસ જેવા સાહિત્યનું ખેડાણ કર્યું. પ્રવાસ જેવો ઉત્સાહી, ઉમંગી અને ઉલ્લાસી વિષયને વણી લેતો ' હિમાલયનો પ્રવાસ ' આપનારા કાકાસાહેબ પાસે અનુભવનું ભાથું છે ને એટલા માટે જ હિમાલય તરફ ખેંચાયા પછી પોતાના જીવનમાં બનેલા જોયેલા, માણેલા, સમજેલા, શીખેલા તમામ અનુભવોને એમણે અહીં કામે લગાડ્યો છે, એ પણ એટલી તન્મયતા સાથે કે આ પ્રવાસ ગ્રંથમાં એમની વિદ્વત્તા કયાંય આડે નથી આવતી. ચિંતન અને મનનનો પરિપક્વ વ્યક્તિત્વ પણ આપણા સૌની નજરમાં આવે એવી રીતે વ્યક્ત થયો છે.કાકાસાહેબના આમ તો અનેક પુસ્તકો પણ તેમની લલિત ગદ્યાત્મકશૈલી આજના આપણા સાહિત્ય સર્જકોને પણ આકર્ષે છે.અને એ દૃષ્ટિએ કશુંય આંટીઘૂંટી વિના જેવું છે તેવું યથાતથ અને પોતાની આગવી ભાવક સાથેની સંવાદાત્મક પ્રાસાદિક શૈલીમાં લખનારા આપણા વિદ્યાર્થીગમ્ય લેખનશૈલીનાં સર્જકોમાંના એક છે.એ જ એમની સહજ લેખનની હથોટી રહી છે.

હિમાલયને 'આર્યોનો આદ્યસ્થાન' કહીને સંબોધતા સર્જકના 'હિમાલયનો પ્રવાસ ' થી કોઈ નવો વાચક પ્રવાસ સાહિત્યના પુસ્તકનું વાંચન કરવા ઈચ્છતા હોય તો એનાથી શરૂઆત કરી શકે. પ્રકૃતિને તો ' હિમાલયનો પ્રવાસ ' માં લેખકે સોળે કળાએ માણ્યો છે પણ એ વાચતી વખતે વાચક પણ માણી શકે એટલી સરળ શૈલીમાં નિરૂપણ કર્યું છે .કહો ને ! કે વાચક સ્વયં કાકાસાહેબ સંગે પ્રવાસે નીકળ્યા હોય તેવું લાગે... . પ્રકૃતિને કેવી રીતે માણી શકાય એ પણ આપણને શીખવાડે છે.આ પરિવ્રાજક અને રખડું મનિષી હિમાલય દર્શન કરાવતા અધ્યાત્મની ગુઢચેતનાને પણ સરળ શૈલીમાં આપણા ગળે ઉતારી દે તેવી અનુભૂતિ કરાવે છે.

એમની દ્રષ્ટિમાં સમગ્ર હિમાલયનો એવો તો પ્રવેશ થયો છે કે જાણે કાકાસાહેબ વર્ષોથી હિમાલયનો પ્રવાસ કરતા હોય અને હિમાલયને ઓળખતા હોય.. એમનો આ પ્રવાસ ગ્રંથ આજ સુધીમાં લખાયેલા દરેક પ્રવાસગ્રંથોથી એટલા માટે નોખો પડી આવે છે કારણ કે એમના લેખનમાં ભાવક સાથેનો અનુસંધાન ચિરંજીવીત્વ બક્ષે છે, તો ક્યારેક સર્જક ભાવક પરત્વે અંતર અને તાટસ્થ્ય પણ જાળવે છે. અલબત્ત એવું એમના આધ્યાત્મિક ચિંતનના સંદર્ભે વધારે જોવા મળે છે. આ પ્રવાસ ગ્રંથ સર્વ કાળે કોઈ પણને ગમી જાય એટલો રમ્ય રીતે લખાયેલો છે. અહીં મૂળભૂત રીતે પ્રવાસ વિશે ઉપદેશાત્મક કે પછી વાચક સુધી પોતાની વાત લઈ જવાનું કોઈ યત્ન સર્જકે કર્યો નથી પણ સર્જક જે જે અનુભવે છે તેને શબ્દબદ્ધ કરી મૂકે છે અને પોતાના વિચારોની અભિવ્યક્તિ શબ્દોની ચમત્કૃતિથી એટલી સુંદર રીતે મૂકે છે કે વાંચનાર ફરી ફરીને એ પુસ્તકને વાંચે તો પણ એ પુસ્તક એના માટે નિત્યનૂતન બને જ ! પુસ્તક કદમાં તો ઘણો નાનો છે ને એ સાથે લેખકે ક્યાંય પણ વધારે પડતો કોઈ વિષયને ખેંચ્યો કે પછી વિસ્તાર નથી કર્યો નથી .થોડા શબ્દો મૂકીને થોડા વાક્યો મૂકીને કાકાસાહેબે હિમાલયને જીવંત બનાવ્યો છે અને એ અનુભવ સૌને વહેંચ્યો છે

બેલગામ મૂકી કાશી અને ત્યાંથી આગળ વધતાં વારાણસી ,કાશીના મંદિરોનું ને પછી ગયાનાં શ્રાદ્ધ પ્રકરણની આરંભે ગૌખંડમાં કાકાસાહેબે લખ્યું છે તે સ્મરણે અકબંધ રાખવા જેવું છે : ' દુનિયામાં દરેક વસ્તુ મરે છે ફક્ત એક મરતો નથી ભૂતકાળ. ભૂતકાળ ચિરંજીવી છે મહાસાગરમાં ઓટ આવે છે, ચંદ્રક્ષય પામે છે કુબેર નિર્ધન બને છે પર્વતો ધોવાઈ જાય છે, સામ્રાજ્ય સ્મૃતિમાંથી ભૂંસાઈ જાય છે, પણ લોકક્ષયકૃત ભૂતકાળને લય નથી. ભૂતકાળ દહાડે દહાડે સમૃદ્ધ થાય છે. પણ તમે એને સાચવી ન શકો કારણ કે તમે તો વર્તમાન કાળમાં જ રહો છો....! ભૂતકાળનું વૃક્ષ તમારે આંગણે રાખવું હોય તો તમારી પાસે અમાપ સ્મૃતિજળ હોવું જોઈએ.'

ગયાની ખ્યાતિ, બોધિગયા સુધી પહોંચતા પહોંચતા આપણી પ્રાચીન કથાઓને સાંકળતા  સર્જકે પ્રવાસમાં નગાધિરાજ હિમાલયનો વર્ણન કરતા લખે છે કે " આકાશને ચિરતા પહાડોની નિહાળીએ તો માનવીનો અભિમાન નદીની જેમ ઓગળી ને વહી જાય ... ." તો ગંગા યમુનાના પ્રવાહનું વર્ણન તો અદ્ભુત....!! " મહાદેવના માથા પર ગંગા અવતરે તેમ એક નીચેની કરાડમાંથી બહાર નીકળી આવેલા હાથી જેવા પથરા પર પડી પાણીનો લોટ બનાવી બધી દિશાઓમાં એની સેરો છોડે છે...! "

હિમાલયની ભવ્યતાને પ્રકૃતિની માદકતાને સજીવન કરતા આ પુસ્તકમાં લેખકે આપણને ચિંતન કરતો અને જીવનના આનંદને અખિલાઈથી જીવવાનો શિક્ષણ એટલી સહજતાથી આપ્યું છે કે પાને પાને વાંચવા જકડાઈ રહે અને કુતૂહલ જાગે કે આગળ શું હશે?

કાકાસાહેબે બ્રહ્મદેશનો પ્રવાસ,' ઉગમણો દેશ', ' પૂર્વ આફ્રિકામાં' અને 'સર્કરાદ્વીપ મોરેશિયસ ' જેવા પ્રવાસો વિશે લખ્યું છે, પણ તો હિમાલયનો પ્રવાસે અતુલ્ય. આ પૂર્વે એમણે પ્રવાસો લખ્યા હતા પણ તે માહિતી પ્રધાન હતા. કલાપીના 'કાશ્મીરનો પ્રવાસ' માં કંઈક સૌંદર્યલક્ષી અભિગમ દેખાય છે...પણ પ્રવાસનું સાહિત્યિક અને સાંસ્કૃતિક સૌંદર્ય સર્વપ્રથમ 'હિમાલયનો પ્રવાસ'માં જ ઉત્તમ રીતે પ્રગટ થાય છે.

કાકાસાહેબના ચિત્તમાં હિમાલયની યાત્રાની અભિપ્સા તો હતી જ...એટલે ૧૯૧૨માં વડોદરાના ગંગનાથ વિદ્યાલય બંધ પડયું. પછી હિમાલય યાત્રાની પ્રેરણા પ્રબળ બની. કુટુંબીજનોને બેલગામ મૂકી આવ્યા અને કાશી જવા નીકળ્યા,આનંદ બુવાને સ્વામી આનંદ સાથી બન્યા . મુંબઈ ગયા મહારાષ્ટ્ર દર્શન કરી વડોદરા ગુરુજીનાં શુભાશિષ મેળવી પ્રવાસે નીકળ્યા.

પ્રયાગરાજમાં અક્ષયવટ ને કુંભમેળાનો લહાવો લીધો. અમરાપુરી વારાણસીથી થઈ બેલુર મઠ સુધી પહોંચેલા છે.પછી ખરદહના ચૈતન્ય મહાપ્રભુના ભક્તિ ગામની મુલાકાત લે છે અને નેડાનેડીમાં લોકોની અસ્પૃશ્યતાની વાત કરે છે ત્યાંથી રામની રાજધાની અયોધ્યા ઉપડે છે, રામ અને હનુમાન મંદિરના દર્શન અને ત્યાંથી અલમોડાથી કરીને છેક નાગાધિરાજ હિમાલયના દર્શને આવે છે... અને ત્યાં તો  અભિભૂત થઈ જાય છે .હિમાલયને જોઈને કહે છે," એનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના સમસ્ત વૈભવ કરતા વધારે છે " એટલે જ કાકાસાહેબ હિમાલયને મહાદેવ તરીકે પણ ઓળખાવે છે ને મોક્ષની સીડી બની શકે એવો ઊંચો છે ' એવું પણ હિમાલયને સંબોધીને કહે છે. " ખાખી બાવા"નો પરિચય કરાવે છે ને એ નિમિત્તે સાધુ અને એના સમાજનો પરિચય પણ કરાવતા રહેલા છે, કાકાસાહેબ ઋષિકુળનો પરિચય એમની ધર્મશાળા વિશેના લેખમાં

આપે છે.ગંગાદ્વાર, હરિદ્વાર ,કનખલ, જ્વાલાપુરની વાત કરે છે. દીપદાનને સંસારમાં અનુપમ કાવ્ય ગણાવે છે ... ઋષિકેશને રસ્તે સત્યનારાયણ મંદિરનું વર્ણન કરે છે અને ઋષિકેશને ‘સાધુઓનું પિયર’ ગણાવી; ત્યાંથી 'કાલીકમલીવાલા'ની ધર્મશાળામાં ઉતરે છે. લક્ષ્મણજુલાનાં પુલનાં સ્થળોનું સૌંદર્ય વર્ણવતા લેખક પ્રવાસના નવા નવા અનુભવોને સાથે લેતાં જાય છે ....

પંખીલોકનું સૌંદર્ય પણ આલેખે છે અને ગંગોત્રી માર્ગનું પ્રયાણ કરે છે. શ્રદ્ધા અને ભક્તિનો સ્પર્શક્ષમ એવા અનંત બુવાના પવિત્ર કર્મકાંડ અને આચાર શુદ્ધિની બાબતો જણાવે છે ટહેરીની સૌંદર્યનગરીને ને રાજધાનીના પરિવેશથી તેઓ અંતર્મુખ બને છે, ત્યાં ૧૮૫૭ના બળવામાં ભાગ લેનાર સ્વામી પ્રજ્ઞાનંદને યાદ કરે છે..આગળ કુલી બદરૂ ગામ જાય છે અને પરિવારને મળે છે. 'રાઢીની ધારે' આગળ વધે છે, ગંગાત્રીને રસ્તે આગળ વધતાં ,વૃક્ષ જુએ છે અને મનમાં શકુન્તલાના તપોવનનો અનુભવ કરે છે, યમુના નદીના કિનારે યામુંન ઋષિનું સ્મરણ કરતા પહાડોના શિખરમાં કાલ્પનિક મહાદેવના દર્શન વિશે વિગતે વિચારે છે ...જન્મોત્રીના દ્રશ્યથી આપણને પ્રભાવિત કરી પછી ઉપરીકોટની ચડાઈને કાબુલ કી ચડાઈ ઉપર ચડ્યાનો અનુભવ પણ કરાવે છે. આરામ કરીને ધોધનું સૌદર્ય માણી ગંગોત્રી પહોંચી જાય છે.

બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જન્મોત્રી સુધીની યાત્રા કરે છે અને કહે છે કે 'અહી એક પ્રકારનું વૈભવ છે કેદારનાથના વાતાવરણમાં તરી આવે એવો વૈરાગ્ય છે.જન્મોત્રીની ભીષણતા આપણા હૃદયમાં કાયમી સ્થાન કરી જાય છે તો ગંગોત્રીની વિશિષ્ટતા એની પાવનકારી પવિત્રતામાં છે ભગીરથનો પુરુષાર્થ, શંકરાચાર્યની સ્મૃતિ અને બુદ્ધની ધર્મ પ્રેરણા ચિત્ત સમક્ષ ખડા થાય છે. ગંગાજળનો લોટો લઈ અને પછી બુઢા કેદાર ને ભોટ ચટ્ટી થઈ પવાલીને ત્રીજુગી નારાયણના દર્શન કરી કેદારનાથ પહોંચે છે. ત્યાં પ્રાચીન અને ભવ્ય તપસ્વી જેવા મંદિરના દર્શન કરે છે. સાથે વર્ણન કરતા કાર અને બદારી વચ્ચે એક પહાડ વિશે વાત કરે છે, નવ દિવસની મુસાફરી કરી ઉખીમઠ ને તુંગનાથ થઈ બદરી ધામ પહોંચે છે વળતાં દ્વારાહાટમાં પૂર્ણિમાની પણ વાદળા આચ્છાદિત રાત્રિના કપરા અંધકારનો અનુભવ પણ લેખક અડાડતાં જાય છે.

ફલશ્રુતિ પ્રકરણમાં ધાર્મિક ગ્રંથો અને કાર્યોની ફલશ્રુતિ ની મજાક પણ છે અને પ્રવાસની ફળ પ્રાપ્તિમાં ધર્મલાભ, દેશદર્શન, દેવદર્શન, પ્રકૃતિસૌંદર્ય, ચારિત્ર્યશુદ્ધિ, જ્ઞાનપ્રાપ્તિ, લાગણી, રિવાજો, વિવિધ કેળવણી ,ભાવાત્મક ઐક્ય ,વિવિધ શાસ્ત્રજ્ઞાન, સંસ્કૃતિ દર્શન વગેરે લાભો ગણાવ્યા છે અને કહે છે કે " દેશનો આત્મા અને દેશનું વિરાટ સ્વરૂપનું એકીસાથે દર્શન કરવા માટે યાત્રા એ જ અમોઘ સાધન છે"

ધર્મસ્થાનોની ગંદગી, અંધશ્રદ્ધા, વેપાર વૃદ્ધિ વગેરે વિશે ટીકા ટિપ્પણી અને કટાક્ષ પણ કરે છે. વાલ્મીકિ, વ્યાસ કાલિદાસ, ભવભૂતિ જેવા મહાકવિઓને સાથે રાખીને. પૃથ્વીના માણસ તરીકે હિમાલયને ઓળખાવતા ગયાનું પણ સુંદર વર્ણન કરવાની સાથે ગયાસુરની પુરાણ કથા પણ લેખક નિરૂપે છે. સમગ્ર પ્રવાસ ચલચિત્રની દ્રષ્ટિએ આવે છે એવું સતત લાગ્યા કરે, જાણે કે કાકાસાહેબ આપણા ભોમિયા બનીને આપણને જીવન પ્રવાસ કરાવે છે,

આ પ્રવાસ એમણે મૂળે તો વૈરાગ્ય અને આધ્યાત્મિક ભાવનાથી કર્યો હતો અને તેમના સહપ્રવાસી અંનતબુવા અને સ્વામી આનંદ માત્ર નિજાનંદી ધાર્મિક કે આધ્યાત્મિક ન હતા ...એટલે જ કાકાસાહેબના બીજા પ્રવાસોથી આ પ્રવાસ સૌથી અનોખો છે.

કાકાસાહેબને હિમાલય એટલો પ્રિય છે કે આ પ્રવાસના ચિત્રો પ્રેમચિત્રો જેવા લાગે. સાત વર્ષ પછી પ્રવાસગ્રંથ લખ્યો છે.છતાં એટલાં જ તાદ્રશ  રીતે મૂકી આપ્યા હોય છે કે જાણે હમણાં જ પ્રવાસ કરાવી રહ્યા હોય. તેમાં કાકાસાહેબ પ્રકૃતિના સુંદર ચિત્ર સાથે પોતાની વિચારધારા સાથે પણ બહુ ફર્યા જ કરે છે. પુસ્તકના વિષયમાં એટલા બધા તદાકાર થયા છે કે સૌંદર્યસમૃદ્ધિ અને કાવ્યસમૃદ્ધિને એક ભેગી વણી લીધી છે.

હિમાલયના પ્રવાસ માં પહાડો, નદીઓને ટેકરીઓની પ્રવાસની દ્રષ્ટિએ દુર્ગમતા અને મુશ્કેલીઓ નડતરરૂપ લાગે તેવું ક્યાંય લેખકે વાચકને અનુભવવા દીધું નથી . . . ઊલટું હિમાલયના પ્રવાસની કઠોરતાને એટલી સુગમતાથી વર્ણવી છે કે વાચકને એકવાર તો લાગી જ આવે કે હિમાલયનો પ્રવાસ કરવા જેવો ખરો! કાકાસાહેબ હિમાલયનો પ્રવાસ જેટલી સ્ફૂર્તિ, ઉત્સાહ તાજગીથી નિરૂપ્યો છે કે આપણે પ્રવાસપ્રેમી થઈ જઈએ .નિસર્ગની લાક્ષણિકતાને શબ્દબદ્ધ કરવી એ એક વાત છે અને વાચકને અનુભવગમ્ય બનાવવી શબ્દબદ્ધ કરવી એ એક અલગ વાત છે. આ બધું વિના આયસ,વિના યત્ન પોતાની શૈલીમાં કાકાસાહેબ કર્યું છે, તપસ્વી કન્યા શકુંતલા અને તેજસ્વી દ્રોપદીના સ્વરૂપને ગંગા-યમુના સાથે સરખાવે છે. હિમાલયને 'અવધૂતની પથારી' સાથે સરખાવીને પણ કાકાસાહેબ સંતોષ માનતા નથી. છેવટ સુધી હિમાલયને અનેક ઉપમાઓ આપતા થાકતા નથી.પક્ષીઓનાં ટોળાને ‘જાણે ઉડતા શંખ' અને નક્ષત્રોમાં 'પુનર્વસુની હોડી' અને 'મઘાનો દાતરડું' કહીને ઓળખાવે છે.

સજીવારોપણ અલંકાર અને ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો ખજાનો અને તેનો પરિચય આ પ્રવાસમાં સુપેરે થાય. ઉત્તરકાશી, ઋષિકેશ, ગંગોત્રી, મહેરી,બાદરું ગામ માં માયાવતી મઠ ,ભીમતાલ સરોવર ,બદરીધામ,અમરનાથ વગેરે સ્થળોની રમ્યતા ભવ્યતાને વાંચતાં જ

પુસ્તકમાં એટલા ખોવાઈ જઈએ કે દરેક સ્થળનું ચિત્ર નજર સામે ઊભો થાય . કોઈ નવલકથા વાંચનનો રસિક આ પ્રવાસ પુસ્તક વાંચે તો તેને નવલકથા વાંચન જેવો આનંદ થાય છે

'હિમાલયનો પ્રવાસ' માંથી પસાર થતાં લેખકના વિપુલ ભારતીય સંસ્કૃતિના અભ્યાસનો પરિચય થયા વગર ન રહે ,થાય કે સર્જકના બીજા પુસ્તકો પણ વાંચી જઈએ. પ્રવાસનું એટલી હળવી અને સુંદર શૈલીમાં નિરૂપણ છે કે પુસ્તક વાંચનપ્રેમી એકી બેઠકે પણ પૂરો કરી દે ! બાકી ગોળની મીઠાશ વિશે કેટલું કહું ? ચાખ્યા પછી ખબર પડેને કે કેટલો મીઠો છે! એમ 'હિમાલયનો પ્રવાસ' પુસ્તક વાંચ્યા પછી ખબર પડે.

સંદર્ભગ્રંથ:


૧)કાલેલકર કાકાસાહેબ: હિમાલયનો પ્રવાસ (નવજીવન પ્રકાશન)

૨) પટેલ ભોળાભાઈ: ગુજરાતી નિબંધના દોઢ સો વર્ષ (સાહિત્ય અકાદમી દિલ્હી )

૩) ત્રિવેદી રમેશ: ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (શબ્દલોક પ્રકાશન)

૪) પટેલ બેચરભાઈ: ગુજરાતીના ગૌરવગ્રંથો (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ)